
# પાઠ 11. આર્થિક વિચારો




➔ **પ્રસ્તાવના :**

"સામાન્ય રીતે અર્થવ્યવસ્થાનું સંચાલન, ઉત્પાદન, આવક, વહેંચણી, રોજગારી, નાણું, વિનિમય, આર્થિક વિકાસ, બેંકિંગ, આર્થિક અને પર્યાવરણીય સમસ્યાના ઉકેલના સંદર્ભમાં રજુ થયેલા વિચારોને આર્થિક વિચારો કહે છે."

- આર્થિક બાબતોના સંદર્ભમાં અનેક વિચારકોના પ્રભાવ જોવા મળે છે.

જેમ કે, એડમસ્મિથના અર્થતંત્રમાં ભૌતિક સંદર્ભમાં અર્થતંત્રને નવી દિશા આપતા પ્રો. કેઇન્સના ખર્ચ, આવક અને રોજગારીને લગતા સમગ્રલક્ષી આર્થિક વિચારોમાં પશ્ચિમી સંસ્કૃતિનો પ્રભાવ જોવા મળે છે.

ભારતીય પ્રાચીન ગ્રંથોમાં પણ અર્થતંત્ર સંબંધી વિચારો રજુ થયા છે. જેમ કે, મહાભારતમાં શાંતિપર્વ, મનુસ્મુતિ, શુક્રનીતિ અને કામંદકિય નીતિસાર જેવા ગ્રંથોમાં ભારતીય વિદ્વાનોએ પોતાના વિચારો રજુ કર્યા છે.

આ આર્થિક વિચારોનો ધર્મ, નીતિશાસ્ત્ર, તત્વજ્ઞાન સાથે સંબંધ જોવા મળે છે. ભારતની આર્થિક વિચાર-ધારામાં "કૌટિલ્યનું અર્થશાસ્ત્ર" અગ્રસ્થાને છે.

---

**પ્રશ્ન 1 – કૌટિલ્યના આર્થિક વિચારો સમજાવો.**

(A) પરિચય :

કૌટિલ્ય જેણે "કૌટિલ્યના અર્થશાસ્ત્ર" ની રચના કરી હતી. જે કુટનીતિના તજજ્ઞ હતા. જેમણે એક સંપુર્ણ રાષ્ટ્રનું સપનું જોયું હતું.

દાંત સાથે જન્મેલા ચણક બ્રાહ્મણના પુત્ર ચાણક્ય કે જેનું મુળ નામ વિષ્ણુગુપ્ત હતું. જેમણે પોતાનું બાળપણ પાટલીપુત્ર રાજ્યના કુસુમપુર ગામમાં વિતાવ્યું હતું.

ઇ.સ. પુર્વે ત્રીજી સદીની આસપાસ નંદવંશના છેલ્લા રાજા ધનાનંદના કુશાસનનો અંત લાવવા ચંદ્રગુપ્ત મૌર્યનો સાથ લઇ ચાણક્યએ નૈતિક મુલ્ય આધારીત અર્થવ્યવસ્થાવાળા સમૃદ્ધ રાષ્ટ્રની રચના માટે પ્રબળ પુરુષાર્થ કર્યો હતો.

રાજનીતિ, કાયદો, અર્થનીતિ, કરનીતિ, સમાજવ્યવસ્થા, વેપાર, ખેતી અને ઉદ્યોગ જેવા વિષયનો સુક્ષ્મ અભ્યાસ કરી "કૌટિલ્યના અર્થશાસ્ત્ર" નામના ગ્રંથની રચના કરી.

(B) કૌટિલ્યનું અર્થશાસ્ત્ર :

ભારતીય સંસ્કૃતિ જેટલી જ તેની રાજ્ય વ્યવસ્થા પ્રાચીન છે. જેમાં રાજધર્મ, નીતિશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર જેવા શબ્દો દ્વારા રાજ્ય વ્યવસ્થાનો નિર્દેશ થયો છે.

આજથી હજારો વર્ષ પુર્વે ઋષિમુનિઓના ચિંતનમાં આધુનિક સમસ્યાનું ઉકેલ મળી રહે છે. તેમણે પ્રવર્તમાન અને આવનારા સમયની વ્યક્તિગત અને સમષ્ટિગત સમસ્યાને ધ્યાનમાં રાખી આપ્યું છે.

"કૌટિલ્યનું અર્થશાસ્ત્ર" ચિંતન શ્રેણીનો આમુલ્ય ગ્રંથ છે. આ ગ્રંથ પંડિત શ્યામશાસ્ત્રીને ગ્રંથલિપિમાં ભોજપત્ર ઉપર મૈસુરની ઓરીએન્ટલ લાઇબ્રેરીમાંથી પ્રાપ્ત થયો હતો. જે તેમણે ઇ.સ. 1909 પ્રકાશિત કર્યા હતો. તેમણા સંશોધન પ્રમાણે આ ગ્રંથ ઇ.સ. પુર્વે 321 થી 300 વચ્ચે લખાયો હતો.

કૌટિલ્યનું ચિંતન અર્થ આધારીત છે. તેમના મતે સત્તાની ચાવી અર્થ છે. માનવીનો જીવનનિર્વાહ અર્થ આધારીત છે. માનવી સાધન વગર પણ શ્રમ દ્વારા અર્થ પ્રાપ્ત કરી શકે છે. તેથી તેમણે માનવસર્જિત શ્રમને વાસ્તવિક અર્થ કહ્યુ છે.

'કૌટિલ્યના મતે અર્થશાસ્ત્ર એટલે મનુષ્યની વૃત્તિ અર્થ છે. મનુષ્યના વસવાટવાળી ભુમિ અર્થ છે. તેવી પૃથ્વીના લાભ અને પાલનના ઉપાયો દર્શાવતા શાસ્ત્રને અર્થશાસ્ત્ર કહે છે.'

તેમનું અર્થશાસ્ત્ર વાસ્તવમાં અર્થનીતિશાસ્ત્ર છે. કૌટિલ્યએ પંદર ભાગમાં આંતરીક પ્રશાસન, પડોશી રાજ્ય સાથેના સંબંધ, ઔષધો અને કુટનીતિને લગતા વિચારો લખ્યા છે.

(C) કૌટિલ્યના મુખ્ય આર્થિક વિચારો :

(1) જનપદ(રાજ્ય) ની સ્થાપના : (2 માર્ક)

રાજયની સ્થાપના સમયે રાજાએ પ્રજા અને રાજ્યના વિકાસ માટે અનુકુળ માળખાકીય સુવિધાનું નિર્માણ કરવું. ખેતી અને ઉદ્યોગના વિકાસ માટે પ્રયત્નશીલ રહેવું, કારખાના-પશુશાળા-આયાતનિકાસ-રસ્તાઓ અને બજારની રચના કરવી જોઇએ ખેતી માટે જળાશય, દેવાલય અને ધર્મશાળાનું નિર્માણ કરવામાં મદદ કરવી જોઇએ.

આચાર્યો, પુરોહિતો અને ક્ષત્રિયોને કરમુક્તી આપવી જોઇએ. તેમજ અસહાય અવસ્થામાં ખેડુતોને મદદ કરવી.

(2) રાજકોષ : (5 માર્ક)

રાજ્યની સમુદ્ધિ અને સુરક્ષા માટે રાજકોષ મહત્વના છે. રાજ્યનું સંચાલન, સ્થિરતા, સમૃદ્ધિ અને સંગઠન રાજકોષ પર આધારિત છે.

કૌટિલ્યએ રાજ્યની આવકના 7 સ્ત્રોતો દર્શાવ્યા છે. જેમાં (1) નગર, (2) ગ્રામ, (3) સિંચાઇ, (4) ખાધ, (5) જંગલ, (6) પશુપાલન અને (7) વેપારવાણિજ્યનો સમાવેશ થાય છે.

રાજાએ વર્ષમાં એક જ વાર કર ઉધરાવવું અને પ્રજા પર બળજબરી કર્યા વગર રાજકોષ વધારવો, દુષ્કાળ અને અતિવૃષ્ટી વાળા વિસ્તારમાં કરવસુલી માટે સખ્તાઇ ન કરવી.

કૌટિલ્ય એ રાજકોષ વધારવા સાર્વજનિક સંપત્તિ, કિંમતી ભેટ, ઇનામ, વેપારવૃદ્ધિ જેવા ઉપાયો સુચવ્યા છે.

રાજકોષ મોટે ભાગે વસ્તુના સ્વરૂપે મળતો હોવાથી તેનો સંગ્રહ કરવા ગોદામોની વ્યવસ્થા કરવી.

અનાજ પકવતા ખેડુત પાસેથી કુલ ઉત્પાદનનો ચોથો ભાગ ઉપરાંત ધાન્ય, રૂ-રેશમ, કપાસ અને દવા જેવી વસ્તુના ઉત્પાદનનો અડધો ભાગ કર તરીકે ઉધરાવવાની સ્તષ્ટતા કરી.

આમ, કૌટિલ્યના રાજકોષના વિચારોમાં રાજ્યની કલ્યાણલક્ષી ભાવનાનો ખ્યાલ સ્પષ્ટ થાય છે.

(3) કરવેરાની નીતિ : (5 માર્ક)

કૌટિલ્યએ કરવેરા અંગે ચોક્કસ સિદ્ધાંતો રજુ કર્યા. જેમાં રાજા માટે કરવેરાની મર્યાદા, ટુંકાગાળા અને લાંબાગાળાની કરનીતિ તેમજ આકસ્મિક સંજોગોમાં કરવેરાના દર ઊંચા લઇ જવાની જોગવાઇ કરી.

રાજાએ પ્રજાની શક્તિ અને સ્થિતિ જોઇને કર લેવો જોઇએ. તેમજ કર ઉઘરાવવાની પ્રક્રિયા સરળ અને ઓચી ખર્ચાળ હોવી જોઇએ.

- કૌટીલ્યએ કર માળખાના નિયમોનું નીચે મુજબ વિભાજન કર્યું.

(i) ભુમીકર :

રાજ્યને ખેત ઉત્પાદનનો ચોક્કસ ભાગ ખેડુત કે માલોક પાસેથી કરરૂપે લેવાનો અધિકાર હતો. જમીનનો પ્રકાર, ઉત્પાદકતા, ઉત્પાદનનું સ્વરૂપ, સિંચાઇનો પ્રકાર અને સગવડ ધ્યાનમાં રાખી ભુમિકરનું પ્રમાણ નક્કી કરવું.

(ii) આયાત-નિકાસ કર:

- આયાત-નિકાસ કરને ત્રણ ભાગમાં વર્ગીકરણ કર્યા છે.

(a) બાહ્ય શુલ્ક :

પોતાના રાષ્ટ્રમાં ઉત્પન્ન થતી વસ્તુ પર લેવામાં આવતા કરને બાહ્ય શુલ્ક કહે છે.

(b) આભ્યન્તર શુલ્ક :

રાજ્ય કે રાજધાનીમાં ઉત્પાદીત વસ્તુ પર લેવામાં આવતા કરને આભ્યન્તર શુલ્ક કહે છે.

(c) આતિથ્ય શુલ્ક :

વિદેશમાંથી લાવવામાં આવતી વસ્તુ પર લેવામાં આવતા કરને અતિથ્ય શુલ્ક કહે છે.

(4) કૃષિ અને પશુપાલન : (5 માર્ક)

કૌટિલ્યએ કૃષિને આજીવિકાનું મુખ્ય સાધન ગણાવ્યું છે. તેમણે જમીનના બે પ્રકારો પાડી વર્ગીકરણ કર્યું છે. :

(i) વ્યક્તિગત માલિકીની જમીન

(ii) રાજ્યહસ્તકની જમીન

રાજ્ય હસ્તકની જમીન મજુરો, કેદી અને દાસ પાસે ખેડાવીને વાવણી કરવામાં આવતી. જમીનનો ઉપયોગ ખેતી માટે થાય તેવું કૌટિલ્ય માનતા હતા. તેમણે વણ-ખેડાયેલી જમીનને ખેતી લાયક બનાવવાનું સુચન કર્યુ હતુ. કારણ કે બિન ઉત્પાદક જમીનનો કોઇ અર્થ નથી. ખેડુતો ખેત ઉત્પાદન કરે તો તેમને આવક પ્રાપ્ત થાય અને રાજ્યને મહેસુલ મળે છે.

પશુપાલન સંબંધી તેમણે નિયમો અને દંડની જોગવાઇ દર્શાવી છે.

(5) ઉદ્યોગો : (5 માર્ક)

કૌટિલ્યના મત મુજબ આર્થિક દ્રષ્ટિએ સાધન-સંપન્ન રાજ્ય સમૃદ્ધ અને વિકસીત બની શકે તે માટે તેમણે ઉદ્યોગોના વિકાસ હેતુથી માર્ગદર્શક વિચારો રજુ કર્યા. ખાણ ખોદાવવી, હુન્નરઉદ્યોગોના કારખાના વધારવા અને ઉદ્યોગના વિકાસ માટે અનુકુળતા કરી આપવી.

વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારની સગવડ વધારવી તેમજ ઉત્પાદીત વસ્તુના વેચાણ માટે બજાર રહે તે માટે શહેરનો વિકાસ કરવો.

**પ્રશ્ન 2 – મહાત્મા ગાંધીના આર્થિક વિચારો જણાવો.**

(A) પરિચય :

સમાજમાં પરીવર્તનની પ્રક્રિયાથી વિકાસ થતો હોય છે. આ વિકાસ તબક્કાવાર થાય છે. વિકાસના દરેક તબ્બક્કે કોઇ વિચારક પોતાના વિચારથી સમાજ જીવનને અસર કરી સમાજનો રાહબર(માર્ગદર્શક) બને છે. આવા જ એક માર્ગદર્શક ગુજરાતના પોરબંદર શહેરમાં જન્મેલા મોહનદાસ કરમચંદ ગાંધી છે.

ગાંધીજી પ્રબળ ઇચ્છાશક્તિ ધરાવનાર આદર્શવાદી સ્વપ્નપ્રષ્ટાની સાથે વાસ્તવિક અને વ્યવહારૂપણાની આગ્રાહી હતા. સત્ય અને અહિંસા તેનની વિચારધારાના મુખ્ય ધ્રુવતારક હતા.

ગાંધીજીએ અસ્પૃશ્યતા નિવારણ, દારૂબંધી, કોમીએકતા, સ્ત્રી જાગૃતિ વિશે સતત પ્રયત્ન કર્યા હતા. ગાંધીજીએ નીતિશાસ્ત્રને પાયા તરીકે સ્વીકાર્યું હતું.

ગાંધીજીના આર્થિક, સામાજીક અને રાજકીય જીવન દર્શનને ગાંધીવાદ તરીકે ઓળખવામાં આવે છે.

(B) ગાંધીજીના જીવનમાં વિચારકો અને ગ્રંથોનો પ્રભાવ :

- ગાંધીજીની વિચારધારામાં અનેક પ્રસંગો, તત્વચિંતકો અને ધાર્મિક ગ્રંથોનો પ્રભાવ જોવા મળે છે.

1. અમેરીકન ચિંતક થોરોની પ્રબળ અસર ગાંધીજીના જીવન પર પડી હતી. સાદુ જીવન અને ઉચ્ચ વિચારનો ખ્યાલ ગાંધીજીએ થોરોના ખ્યાલ પરથી અપનાવ્યો હતો.

2. બ્રિટનના પ્રખર માનવતાવાદી જોન રસ્કીનના પુસ્તક 'અન ટુ ધી લાસ્ટ' માંથી ગાંધીજીએ સર્વાદયની પ્રેરણા લીધી અને માનવ શ્રમને મહત્વ આપી ભારતની ગરીબી દુર કરવાનો રસ્તો પણ ગાંધીજીને મળ્યો હતો.

3. રશિયાના મહાન તત્વચિંતક લિઓ ટોલ્સટોયના પુસ્તક 'વોટ શેલ વી ડુ ઘેન' અને 'ધી કિંગડમ ઓફ ગોડ ઇઝ વિધિન યુ.' ની પણ ગાંધીજીના વિચારો પર અસર થઇ. બ્રેડ લેબર એટલે કે રોટી-શ્રમનો સિદ્ધાંતના પ્રભાવથી ગાંધીજીએ શ્રમ ન કરનારને ખાવાનો અધિકાર નથી તેવા મતના સમર્થનમાં શ્રમના ગૌરવને લગતો વિચાર રજુ કર્યા.

- ગાંધીજીને બાળપણમાં જોયેલુ નાટક સત્યવાદી રાજા હરિશ્ચંદ્રમાંથી સત્યને મહત્વ આપી સત્યાગ્રહી બન્યા.
- ભગવતગીતાના ત્રીજા અધ્યાયમાં રજુ થયેલા બ્લોક જે યજ્ઞ કર્યા વગર ખાય તે પાપનો આહાર કરે છે તેની પ્રભવ અસર થઇ છે.
- ઉપનિષદ, રામાયણ, મહાભારત જેવા ધર્મગ્રંથો અને સંત કબીર, ગુરૂનાનક અને નરસિંહ મેહતા જેવા સંતો તેમજ આધ્યાત્મીક ગુરૂ શ્રીમદ્ રાજચંન્દ્રના વિચારોથી ગાંધીજીના વિચાર ઘડતરમાં પ્રભાવ પડયો છે.

(C) ગાંધીજીના મુખ્ય આર્થિક વિચારો :

1. સર્વોદય :

ગાંધીજીએ હિંસાથી મુક્ત સમાજવાદની કલ્પના કરી. જેમાં નિરાધાર, દીન અને હિન સર્વાનું ઉદય થાય તેને સર્વાદય નામ આપ્યું. ટુંકમાં, સર્વનો ઉદય એટલે સર્વાદય.

ભગવદગીતામાં જણાવ્યા મુજબ જીવમાત્રમાં એક જ આત્મા છે. તે ન્યાયે ગાંધીજીએ પરસ્પર સહકાર અને પ્રેમને સર્વોદયના મુખ્ય આધાર ગણાવ્યા છે. સર્વોદયને સિદ્ધ કરવા સંયમ પુર્વશરત છે. તેવો ઇચ્છારહિતતાનો સિદ્ધાંત આવ્યો છે.

સર્વોદયની સફળતા માટે ત્યાગ, સ્વૈચ્છિક સેવા, યંત્રનો વિરોધ, શ્રમનો બચાવ, વિકેન્દ્રીકરણ અને શોષણને અટકાવવા વિચારો રજુ કર્યા છે.

'સમાજના બધા જ અંગ સરખા ન કોઇ નીચા કે ન કોઇ ઊંચા, રાજા અને પ્રજા, ધનીક અને ગરીબ, માલિક અને મજુર વચ્ચે કોઇ ભેદ ન હોય તેવો વાદ એટલે સમાજવાદ.'

2. શ્રનનું ગૌરવ :

દરેક પ્રકારનું કરનારને સરખું વેતન મળતુ જોઇએ તેવો આગ્રહ ગાંધીજી રાખતા હતા. શ્રમ એ ઉત્પાદનનું સજીવ સાધન છે. તેથી તેના ઉપયોગ માટેની પુરતી તક અને ગૌરવશાળી જીવન જીવવાની તક મળવી જોઇએ.

ગાંધીજીએ શ્રમના ગૌરવને ઇશ્વરીય સંકેત ગણાવીને કહ્યું કે, "બુદ્ધિનું કામ શરીરની મજુરીના કામ જેટલું જ મહત્વનું અને જરૂરી છે."

જીવનની સળંગ યોજનામાં તેનું ચોક્કસ સ્થાન છે. પણ મારો આગ્રહ દરેક માણસે પોતાના શરીર વડે મજુરી કરવી જોઇએ એવો છે. મારો દાવો છે કે કોઇ પણ માણસ શારીરિક શ્રમ કરવાની ફરજમાંથી મુક્ત ન હોય.

વર્તમાનમાં પરિશ્રમ અને ગૌરવ ઘટતા તેની પ્રતિષ્ઠા પણ ઘટી છે. આનો ઉપાય બતાવવા ગાંધીજીએ શ્રમના ગૌરવ વીશે સુચવ્યું. જે ગરીબી અને બેકારીની સમસ્યામાંથી મુક્તી આપશે.

3. યંત્રનો ઉપયોગ : (5 માર્ક)

(પ્રશ્ન – યંત્રના ઉપયોગ સંબંધિત ગાંધીજીના વિચારો સ્પષ્ટ કરો.)

ગાંધીજીના મતે આજનો જમાનો યંત્રયુગ તરીકે ઓળખાય છે. કારણ કે સમગ્ર અર્થવ્યવસ્થામાં યંત્રનું પ્રભુત્વ છે. યંત્ર શ્રમને વધુ કાર્યક્ષમ બનાવવાને બદલે શ્રમનું સ્થાન લે તે ગાંધીજીને સ્વીકાર્ય ન હતુ. આથી ઘણી વખત ગાંધીજીને યંત્રના વિરોધી તરીકે ઓળખવામાં આવતા. પરંતુ વાસ્તવમાં ગાંધીજીને યંત્ર સામેનો વિરોધ નહિ પરંતુ યંત્રોની ઘેલછા સામે વિરોધ હતો. તેમણે યંત્રના વિવેકપુર્ણ ઉપયોગની તરફેણ કરી યંત્રના ઉપયોગ સંબંધી નીચેના વિચારો દર્શાવ્યા.

1. ગાંધીજી પ્રાથમિક અને સાદા યંત્રનો આગ્રહ રાખતા હતા, કારણ કે આવા યંત્રો ગરીબો સરળતાથી ખરીદી શકે.

2. શ્રમીકોની મહેનત બચાવી તેનો બોજ હળવો કરે તેવા યંત્રને ગાધીજી આવકારતા. પરંતુ જે યંત્રો માનવીનું સ્થાન લે અને બેકાર બનાવે તેનો વિરોધ કરતા.

3. યંત્રનો ઉપયોગ સમગ્ર માનવ જાતના અને ભારતના ગરીબ લોકોના કલ્યાણ માટે થતો હોય તેની સામે તેમને કોઇ વિરોધ ન હતો.

4. યંત્રને લીધે સંપત્તિનું કેન્દ્રીકરણ થતુ હોય તો ગાંધીજી તેવા યંત્રના ઉપયોગનો વિરોધ કરતા અને યંત્રો શ્રીમંત માટે અને ગરીબોના શોષણનું સાધન ન બને તેનુ ધ્યાન રાખવાનું કહેતા.

5. યંત્રથી શ્રમનો બચાવ થાય પણ યંત્રના ઉપયોગથી જો હજારો લોકો બેકાર બને તો તેવા શ્રમનો બચાવ યોગ્ય નથી. એટલે કે યંત્રનો ઉપયોગ વ્યક્તિના લાભ માટે નહિ પરંતુ સમગ્ર સમાજના લાભ માટે થવો જોઇએ.

6. ગાંધીજી એમ માનતા કે યંત્રનો ઉપયોગ એટલી હદ સુધી ન થવો જોઇએ કે જેથી માનવી તેનો ગુલામ બને. તેમણે જણાવ્યું કે યંત્રો માનવી માટે છે. માનવી યંત્ર માટે નથી.

(4) વિકેન્દ્રિત અર્થવ્યવસ્થા :

વિકેન્દ્રિત અર્થવ્યવસ્થા એટલે 1. આર્થિક સત્તાનું કેન્દ્રિકરણ થોડા લોકોના હાથમાં થવાને બદલે વિશાળ જનસમુદાય વચ્ચે થયેલી હોવી જોઇએ. 2. આર્થિક પ્રવૃત્તિઓનું વધુને વધુ પ્રસારણ ગ્રામ્ય વિસ્તારમાં થવું જોઇએ.

ગાંધીજીને મુડીપ્રધાન ઉદ્યોગો અને સત્તાના કેન્દ્રિકરણથી સર્જાતી સમસ્યાના સંદર્ભમાં વિકેન્દ્રીત અર્થવ્યવસ્થાની હિમાત કરી તેમની અર્થવ્યવસ્થાના પાયામાં ગ્રામ્યસ્વરાજ્ય અને ગ્રામસ્વાવલંબનનો ખ્યાલ હતો.

વિકેન્દ્રીકરણ માટે તેમણે રેંટીયો અને ખાદીનો કાર્યક્રમ દેશ સમક્ષ રજુ કર્યો હતો.

(5) સાદગી અને અપરિગ્રહ :

'અપરિગ્રહ એટલે જરૂરીયાતથી વધારે ન વાપરવું અને ન રાખવું.'

ગાંધીજી હંમેશા સાદું જીવન અને ઉચ્ચ વિચાર સુત્રનું આચરણ કરતા, જે માટે તેમણે સંયમ રાખવાની ભલામણ કરી.

વર્તમાનનો માનવી નૈતિક મુલ્યોને ભુલીને સમૃદ્ધિ તરફ વધ્યો હોવાથી આજની અશાંત પરિસ્થિતિ સર્જાય છે. આ માટે ગાંધીજીએ ત્રણ કારણો જણાવ્યા :

1) સતત વધતી જતી જરૂરીયાતો
2) સંકુલ યંત્રને વધતો ઉપયોગ
3) વહેંચણીની પ્રવર્તમાન પદ્ધતિ

જરૂરીયાતના પ્રમાણ અને સુખાકારી વચ્ચે સંબંધ છે. ગાંધીજી માનતા હતા કે જરૂરીયાતો મર્યાદીત રાખવાથી સુખાકારી વધુ મળી શકે, નહિ કે વધુ વસ્તુના વપરાશથી સાદગીપુર્ણ જીવન દ્વારા સાચા સુખનો અનુભવ થાય છે. સૌની જરૂરીયાત મુજબ સૌને મળી રહે તેવી રીતે ઉત્પાદન થાય તે મહત્વનું છે.

સાદગીના સંદર્ભમાં ગાંધીજીએ 'સૌનું પોષણ, કોઇનું પણ શોષણ નહિ' એ પાયાની વાત સ્વીકારવાનું કહ્યું.

(6) ટ્રસ્ટીશીપનો સિદ્ધાંત : (5 માર્ક)

(પ્રશ્ન – ગાંધીજીએ રજુ કરેલો ટ્રસ્ટીશીપનો સિદ્ધાંત વિગતે સમજાવો.)

ભગવદગીતાનો અપરિગ્રહના સિદ્ધાંત અને ઇશોપનિષદમાં જણાવ્યા મુજબ, 'આ જગતમાં જે કંઇ છે તે તમામ ઇસ્વર દ્વારા મળ્યું છે એટલા માટે પ્રથમ તેનો ત્યાગ કરીને પછી ભોગવો.' આ બુનિયાદી વિચાર પર ગાંધીજીએ વાલીપણાનો સિદ્ધાંત રજુ કર્યો છે.

આ સિદ્ધાંત મુજબ કોઇ પણ વ્યક્તિને વારસામાં કે વેપાર-ઉદ્યોગ દ્વારા વધુ સંપત્તિની માલિકી મળી હોય તો એ મિલકતની કાયદેસરની માલિકી ભલે એ વ્યક્તિની રહે પરંતુ દેશના લાખો માણસોને સન્માનપુર્વક જીવવા માટે જેટલું જરૂરી છે તેટલું મેળવવાનો અધિકાર તે વ્યક્તિને છે, તે સિવાય બાકીની મિલકત સમાજની માલિકીની છે તેથી તેનો ઉપયોગ સમાજ કલ્યાણ માટે કરવો જોઇએ. અને જે તે વ્યક્તિએ મિલકતના ટ્રસ્ટી(વાલી) તરીકે વર્તવું.

ગાંધીજીએ ધનિકોને ટ્રસ્ટી બનવાની સલાહ આપી અને પોતાની બુદ્ધિનો ઉપયોગ કરી સંપત્તિમાં વધારો કરવો પરંતુ તે સંપત્તિનો ઉપયોગ સમસ્ત પ્રજાના કલ્યાણ માટે કરવો જોઇએ.

➔ સિદ્ધાંતના મુખ્ય મુદ્દાઓ :

(1) ધનોકોનું હદય પરિવર્તન શક્ય છે :

તેમણે રજુ કરેલા આ સિદ્ધાંત ધનિકોના હદય પરિવર્તન પર રચાપેલો છે. ગાંધીજીના મતે ધનિકોએ ઉદારતા દાખવી પોતાની સંપત્તિનો ઉપયોગ સમાજના લાભ માટે કરવો જોઇએ. આમ, આ સિદ્ધાંત ધનિકોના હદય પરિવર્તન પર આધાર રાખે છે. તેમ ગાંધીજી માનતા હતા.

(2) હકના બદલે ફરજો :

ગાંધીજીએ ટ્રસ્ટીશિપના સિદ્ધાંતમાં મિલકતની માલિકીના હકને બદલે ફરજો પર વધુ ભાર મુક્યો છે. ધનિકોએ પોતાની સંપત્તિનો સમાજ માટે મહત્તમ ઉપયોગ થાય તે રીતે તેના માલિકોએ ફરજ અદા કરવી જોઇએ.

(3) લોકમતની જાગૃતિ :

ટ્રસ્ટીશિપના સિદ્ધાંતનો અમલ કાયદા દ્વારા થઇ શકતો નથી તેથી ગાંધીજીએ આ સિદ્ધાંતનો અમલ હદય પરિવર્તન દ્વારા થાય તેવી હિમાયત કરી છે. આ માટે ગાંધીજીએ કેળવણી અને લોકમતની જાગૃતિઓનો માર્ગ સુચવ્યો.

(4) સમગ્ર સમાજહિતનું મહત્વ :

આ સિદ્ધાંત મુજબ થોડી વ્યક્તિના હિત કરતા સમગ્ર સમાજના હિતને મહત્વ આપવું. તેથી સમાજના મોટા વર્ગને ધ્યાનમં રાખી ચીજવસ્તુઓનું ઉત્પાદન કરવું.

(5) ટ્રસ્ટીને વળતર :

સંપત્તિના ટ્રસ્ટી તરીકે કાર્ય કરવા બદલ તેને ચુકવવાના વળતરની જોગવાઇ રાજ્ય સરકારે નક્કી કરવી જોઇએ.

(6) રાષ્ટ્રીયકરણનો વિરોધ :

આર્થિક સમાનતા લાવવા માટે ખાનગી મિલકતનો હક નાબુદ કરી રાષ્ટ્રીયકરણ કરવાનો ગાંધીજીએ વિરોધ કર્યો હતો. કારણ કે રાષ્ટ્રીયકરણ કરવાથી વ્યક્તિ સત્તાનો વિરોધ કરશે અને લોકોમાં નૈતિકતાનો ભાવ ઓછો થશે.

(7) વારસદારની નિમણુક :

ટ્રસ્ટીશિપના સિદ્ધાંતમાં વારસદારની નિમણુકનો પ્રશ્ન હોય છે. ગાંધીજીના મતે જેઓ સંપત્તિના કાયદેસરના માલિક છે. તેઓ જે સંપત્તિના વારસદાર રહેવા જોઇએ.

ટ્રસ્ટી તરીકેનો અધિકાર સરકાર કે સમાજને સોંપવાનો નથી. મિલકતના માલિકે જ સમાજના ટ્રસ્ટી તરીકે વર્તવુ.

સંપત્તિના માલિકના અવસન બાદ તે જેની ટ્રસ્ટી તરીકે નિમણુક કરશે તે નવા ટ્રસ્ટી તરીકે કામ કરશે. કાયદા કે રાજ્યની મંજુરી દ્વારા નક્કી કરવો જોઇએ.

(8) રાજ્યનું નિયંત્રણ :

ધનિક વ્યક્તિ જ્યારે સંપત્તિના ટ્રસ્ટી તરીકે નિષ્ફળ જાય ત્યારે મિલકતના ઉપયોગ પર રાજ્ય નિયંત્રણ કરી મિલકત રાજ્ય હસ્તક લેવાનો મત ગાંધીજીએ વ્યક્ત કર્યો.

સંપત્તિના માલિક પાસે સંપત્તિ ક્યા માર્ગે આવી તેની પણ તપાસ કરવી જોઇએ. અને જરૂર જણાય તો મિલકતને વળતર આપીને કે વળતર આપ્યા વિના મિલકત લઇ લેવી જોઇએ.

ટ્રસ્ટીશિપના સિદ્ધાંતના સંદર્ભમાં ગાંધીજીએ આર્થિક પ્રવૃતિના ત્રણ ક્ષેત્ર દર્શાવ્યા છે.

(1) ખાનગી ક્ષેત્ર,

(2) જાહેર ક્ષેત્ર અને

(3) ટ્રસ્ટીશિપનું ક્ષેત્ર.

---

**પ્રશ્ન 3 – પંડિત દિનદયાળ ઉપાધ્યાયના આર્થિક વિચારો જણાવો.**

(A) પરિચય :

સાદું જીવન, સરળ વ્યક્તિત્વ, આંખોમા અનોખી ચમક ધરાવતા સજ્જન આર્થિક વિચારનું પ્રેરણાબિંદુ, મૌલિક ચિંતન અને અખુટ વિચારો ધરાવતુ વ્યક્તિત્વ એટલે પંડિત દીનદયાળ ઉપાધ્યાય.

25 સપ્ટેમ્બર, 1916ના રોજ જન્મેલા પંડિત દીનદયાળ માત્ર 52 વર્ષની ઉંમરે મૃત્યુ પામ્યા હતા. તેમણે પોતાના જીવનકાળમાં દેશના છેક છેવાળાના માનવીને ધ્યાનમાં રાખી દેશનો સર્વાંગી વિકાસ થાય તેવા આર્થિક વિચારો રજુ કર્યા.

બહુમુખી પ્રતિભા ધરાવતા પંડિત દિનદયાળે તત્વજ્ઞાન, અર્થશાસ્ત્ર, સમાજજીવન અને સાહિત્યના વિષયમાં પોતાના વિચારો રજુ કર્યા હતા. તેમણે રાજકીય, સામાજિક સંગઠન અને પત્રકારના ક્ષેત્રે નામના મેળવી હતી.

એકાત્મ માનવવાદ, રાષ્ટ્રજીવનની દિશા, રાષ્ટ્રચિંતન, ભારતીય અર્થનીતિ, વિકાસની એક દિશા, પોલિટેકલ ડાયરી, પ્રથમ અને દ્વિતીય પંચવર્ષીય યોજનાનું વિશ્લેષણ તેમણે રજુ કરેલી કૃતિઓ છે.

(B) આર્થિક વિચારો :

(1) અર્થવ્યવસ્થાના ત્રીજા વિકલ્પની શોધ :

આર્થિક ધ્યેય સિદ્ધ કરવા માટે વિશ્વ સમક્ષ મુડીવાદ અને સમાજવાદ જેવા બે વિકલ્પો હતા. તે સમયે પંડિત દિનદયાળે ત્રીજા વિકલ્પની રજુઆત કરી.

વિશ્વમાં ઉત્પાદન ક્ષેત્રે આધુનિક ઉત્પાદન પદ્ધતિ અને યંત્રને ઉપયોગ વધતો જાય છે. છતા આર્થિક સમૃદ્ધિથી લાલચને લીધે સમાજ અનેક સમસ્યાઓથી ઘેરાયેલો છે.

મુડી અને સમાજવાદી અર્થવ્યવસ્થા અપનાવીને ઘણા દેશોએ આર્થિક વિકાસનો માર્ગ અપનાવી ઘણી સિદ્ધિઓ હાંસલ કરી છે. પણ તેની સામે આર્થિક શોષણ, અસમાનતા, આર્થિક અસ્થિરતા, વર્ગવિગ્રહ જેવી અનેક સમસ્યાઓ સર્જાય છે. ભારતે પણ વિચારધારા અને અર્થવ્યવસ્થાનું અનુકરણ કર્યુ. પરીણામે ભારતમાં ઉદ્યોગ અને ખેતીક્ષેત્રે નીચી ઉત્પાદકતા, ગ્રામીણક્ષેત્રે અપુરતી સુવિધા, શહેરીકરણ, ગરીબી, બેકારી, ભાવવધારો જેવી અનેક સમસ્યાઓ વધી છે.

આવી સમસ્યાજનક પરિસ્થિતિમાંથી ભારતને બહાર લાવવા માટે પંડિત દિનદયાળે માનવદર્શન આધારિત એકાત્મ અર્થનીતિ જેવા ત્રીજા વિકલ્પની હિમાયત કરી છે.

(2) એકાત્મ-માનવતાવાદ :

એકાત્મક-માનવતાવાદ એટલે એ માનવજીવનનું એવું દર્શન કે

જ્યાં,

(i) માનવીનો માત્ર આર્થિક માનવી તરીકે વિચાર થતો નથી પણ માનવજીવનના દરેક પાસાનો વિચાર થાય છે.

(ii) માનવીનો અન્ય માનવી સાથેનો સંબંધ થતા માનવીનો અન્ય જગત સાથેના પરસ્પર પુરક સંબંધને ધ્યાનમાં લઇને સમૃદ્ધ અને સુખીજીવનનું દર્શન થાય તેવો વાદ.

- પંડિત દિનદયાળના મતે એકાત્મ માનવતાવાદની સાર્થકતા,

(i) સમાજના અજ્ઞાની અને કચકાયેલા માણસોની સેવા;

(ii) તેમના હાથ-પગમાં બળ વધારીને ઉદ્યોગ-ધંધાનું શિક્ષણ આપવું;

(iii) તેમની આવક વધારીને તેમને માટે પાકા ઘર બનાવવામાં રહેલુ છે.

(3) સાધ્ય અને સાધનનો વિવેક :

પંડિત દિનદયાળ કહે છે કે, "સ્વતંત્રતા પહેલા આપણે દરેક પ્રશ્નને રાષ્ટ્રીય દ્રષ્ટિકોણથી જોતા પરંતુ હવે દરેક પ્રશ્નને આર્થિક દ્રષ્ટિકોણથી જોવા લાગ્યા છીએ. કારણ કે આજે સાધ્ય અને સાધનનો વિવેક રહ્યો નથી."

માનવીનું મુખ્ય સુખ માટે સંપતિ કમાવવાનુ છે અને માનવશક્તિ તે પ્રાપ્ત કરવાનું મુખ્ય સાધન છે. તેથી માનવશ્રમને બેકાર રાખીને ક્યારેય માનવીનો વિકાસ કરી શકાય નહિ. આ હકિકતને ધ્યાનમાં રાખીને ઉત્પાદન વ્યવસ્થા વિકસાવવી જોઇએ.

(4) સંપત્તિની માલોકી :

સંપત્તિના ઉપયોગના સંદર્ભમાં તેની માલિકીનો પ્રશ્ન મહત્વનો છે. મુડીવાદમાં વ્યક્તિને તેની સંપત્તિ પર નિરંકુશ અધિકાર હોય છે. જ્યારે સમાજવાદમાં બધી જ આર્થિક સમસ્યાનુ મુળ ખાનગી સંપત્તિને ગણતા હોવાથી તેમાં ખાનગી સંપત્તિને કોઇ સ્થાન નથી.

આ સંદર્ભમાં પંડિત દિનદયાળે એવો વિચાર રજુ કર્યા કે ખાનગી સંપત્તિ સંપુર્ણ પણે સમાપ્ત કરતી યોગ્ય નથી. કારણ કે તે માંથી વ્યક્તિની પ્રતિષ્ઠા, સુરક્ષા અને કાર્યશક્તિ નાશ થઇ જશે. તેથી તેમણે સંપત્તિના અધિકારની મર્યાદા નક્કી કરવી જોઇએ.

તેઓ માનતા હતા કે સંપત્તિનો પ્રભાવ અને અભાવ વ્યક્તિના અધઃપતનનું કારણ ન બને તે રીતે ખાનગી સંપત્તિ પર મર્યાદા નક્કી કરવી જોઇએ. તેમના મતે માનવીનો સર્વાંગી વિકાસ કરવો એ જ સંપત્તિનો મુખ્ય હેતુ હોવો જોઇએ. અને આ હેતુ સિદ્ધ કરવા સામાજિક નિયંત્રણ, ન્યાયની સ્થાપના તથા પુર્ણ વિકેન્દ્રીકરણ થવુ જોઇએ.

(5) વિકેન્દ્રિત અર્થવ્યવસ્થા :

મુડીવાદ અને સમાજવાદ બંનેમાં સંપતિ અને સતાનો કેન્દ્રીકરણ થયેલુ હોવાથી માનવીના સર્વાંગી વિકાસની ઉપેક્ષા થાય છે. આ સંદર્ભમાં પંડિત દીનદયાળે વિકેન્દ્રિત અર્થવ્યવસ્થાની ભલામણ કરી.

વિકેન્દ્રીત અર્થવ્યવસ્થા માટે ઉત્પાદન, વિતરણ અને ઉપભોગની જવાબદારી વ્યક્તિને સોંપવી જોઇએ. જેથી ઉત્પાદન કરનાર જ તેનું વિતરણ કરશે અને વપરાશને ઘટાડી બચત કરશે જેથી મુડીરોકાણ અને ઉત્પાદન વધશે.

આ માટે તેમણે લઘુઉદ્યોગો, ગૃહઉદ્યોગો અને નાના ઉદ્યોગોનુ વિકાસ થાય તેવો અયોજન કરવા જણાવ્યું.

(6) શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિ :

પંડિત દીનદયાળ જણાવે છે કે ભારતમાં શ્રમિકો વિપુલ પ્રમાણમાં છે અને મુડીસાધનની અછત છે તો આ પરિસ્થિતિ માં ઉત્પાદન કાર્ય માટે શ્રમપ્રધાન ઉત્પાદન પરિસ્થિતિમાં ઉત્પાદન પદ્ધતિ અપનાવવી વધુ અનુકુળ છે.

જો આપણે મુડીપ્રધાન ઉત્પાદન પદ્ધતિ અપનાવીએ તો થોડો મુડી યંત્ર ખરીદવા પાછળ ખર્ચાય જશે અને પ્રમાણમાં રોજગારીનું સર્જન ન થતા બેકારી વધવાની સંભાવના વધી જાય છે.

આ સમસ્યાના ઉકેલ માટે તેમણે ખેતી પરથી શ્રમનું ભારણ ઓછુ કરે એવા નાના ઉદ્યોગો શરૂ કરવાની ભલામણ કરી પંડિત દીનદયાળે પુર્ણ રોજગારીને મહત્વ આપી ‘હર હાથ કો કામ, હર ખેત મે પાની’ (हर हाथ को काम, हर खेत में पानी) સુત્ર આપ્યું.

(7) સંયમીત ઉપભોગ :

પંડિત દીનદયાળ કહે છે કે એક તરફ આપણે નવી જરૂરીયાતો ને પુર્ણ કરવા નવા સાધનો અને પદ્ધતિની શોધ કરીએ છીએ. જેનાથી અનેક નવી પદ્ધતિઓ સર્જાય છે. તેનાથી માનવતા નષ્ટ થવાનું સંકટ હોય. તેથી અર્થવ્યવસ્થાનો ઉદ્દેશ સંયમિત ઉપભોગ કરવાનો હોવો જોઇએ.

ભારતમાં ઘણા-લોકોનું જીવનધોરણ નીચું છે. પરંતુ તે માટે ઉત્પાદન વધારી યોગ્ય વિતરણ કરવું જોઇએ. આ માટે પંડિત દિનદયાળે ઉત્પાદન સાથે સંયમિત ઉપભોગને મહત્વ આપવાનું જણાવ્યું.

વિકસિત દેશોમાં ખનીજતેલના વધતા ભાવ, ફુગાવાન્વ્વ સમસ્યા, શસ્ત્રોની દોડ, માનસિક તણાવ જેવા અનેક સર્જાયેલા પ્રશ્નમાંથી બહાર આવવા વિકસીત મુડીવાદી દેશોએ પંડિત દીનદયાળના સંયમિત ઉપભોગના વિચારનો અમલ કર્યો.

---

**પ્રશ્ન 4 – પંડિત દીનદયાળે ભારતીય અર્થ-વ્યવસ્થાના ક્યા ઉદ્દેશો સૂચવ્યા છે ? તે જણાવો.**

પંડિત દીનદયાળ ઉપાધ્યાય સાદું જીવન, સરળ વ્યક્તિત્વ, આંખોની અનોખી ચમક ધરાવતા સજ્જન, જે આર્થિક વિચારોનું પ્રેરણાબિંદુ, મૌલિક ચિંતન અને વિચારોની અખૂટ સરવાણી ધરાવતું વ્યક્તિત્વ કે જેમણે તેમના 52 વર્ષનાં જીવનકાળમાં દેશની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખી દેશના છેવાડાના માનવીને સાથે લઇને દેશનો સર્વાંગી આર્થિક વિકાસ થાય તે માટે પોતાના આર્થિક વિચારો રજુ કર્યા છે. તેઓ જણાવે છે કે મૂડીવાદ અને સમાજવાદ મનુષ્યને કે મનુષ્યની ચિંતાને સમજ્યા નથી. તે કહે છે કે, “આપણે સમાજવાદ એ મુડીવાદ નહીં પણ મનુષ્યનો ઉત્કર્ષ અને તેનું સુખ જોઇએ છે.”

➔ આ સંદર્ભમાં તેમણે ભારતીય અર્થ વ્યવસ્થાના ઉદ્દેશો રજુ કર્યા છે જે નીચે પ્રમાણે છે. જેમાં,

(1) તેમના મતે પ્રત્યેક વ્યક્તિને લઘુમત જીવન સ્તરનું આશ્વાસન મળવું જોઇએ.

(2) રાષ્ટ્રની સુરક્ષા અને સામર્થ્યનું લક્ષ હોવું જોઇએ.

(3) સમાજની ઉત્તરોત્તર સમૃદ્ધિ વધે જેનાથી વ્યક્તિ અને રાષ્ટ્રને તેવાં સાધનો ઉપલબ્ધ થાય કે તે દ્વારા સમાજ પોતાની પ્રકૃતિના આધારે વિશ્વની પ્રગતિમાં યોગદાન આપી શકે.

(4) નક્કી કરેલાં લક્ષ્યાંકોને સિદ્ધ કરવા માટે પ્રત્યેક યુવાન અને સ્વસ્થ વ્યક્તિને આજીવિકાનો અવસર મળવો જોઇએ.

(5) કુદરતી સાધનોનો કરકસરથી ઉપયોગ કરવો જોઇએ.

(6) રાષ્ટ્રનાં ઉત્પાદક સાધનોનો ખ્યાલ કરીને તેને અનુરૂપ ઉત્પાદન પદ્ધતિ અપનાવવી જોઇએ.

(7) દેશની અર્થવ્યવસ્થામાં માનવીની અવગણના ન કરતાં તેના વિકાસ માટે તેમજ સમાજનાં સાંસ્કૃતિક અને અન્ય જીવનમૂલ્યોનું રક્ષણ કરવું જોઇએ.

(8) વિભિન્ન ઉદ્યોગોમાં રાજ્ય, વ્યક્તિ તથા અન્ય સંસ્થાની માલિકીનો નિર્ણય વ્યાવહારિક પદ્ધતિથી કરવો જોઇએ.

પંડિત દીનદયાળના ઉપાધ્યાયના ઉપર્યુક્ત મુખ્ય ઉદ્દેસો તેમજ તેઓની આર્થિક વિચારસરણી આધારિત કેટલીક યોજનાઓ પણ રાજ્યે અમલમાં મૂકી છે.

જેમ કે, શ્રમના ગૌરવ અને દરેકને કામના સિદ્ધાંત આધારિત શ્રમેવ જ્યતે યોજના 16 ઑક્ટોબર, 2014થી શરૂ કરવામાં આવી અને ખેતી તેમજ ખેતી સાથે સંકળાયેલી ગ્રામીણ ઉદ્યોગોનો યોગ્ય વિકાસ તે ઉદ્દેશોથી ગ્રામજ્યોતિ યોજના શરૂ કરવામાં આવી છે.

## પેપર સ્ટાઇલ

સમય – 2 કલાક

### પ્રથમ / દ્વિતીય પરીક્ષા

કુલ ગુણ - 50

| વિભાગ | પ્રશ્નપત્રનું સ્વરૂપ | સંખ્યા | ગુણ | કુલ ગુણ |
|---|---|---|---|---|
| A | MCQ | 8 | 1 | 8 |
| B | SQ | 8 | 1 | 8 |
| C | ટુંકા પ્રશ્ન | 6 | 2 | 12 |
| D | લાંબા પ્રશ્ન | 4 | 3 | 12 |
| E | નિબંધ પ્રકારના | 2 | 5 | 10 |
| | કુલ | 28 | - | 50 |

સમય – 3 કલાક

### વાર્ષિક પરીક્ષા

કુલ ગુણ – 80

| વિભાગ | પ્રશ્નપત્રનું સ્વરૂપ | સંખ્યા | ગુણ | કુલ ગુણ |
|---|---|---|---|---|
| A | MCQ | 10 | 1 | 10 |
| B | SQ | 10 | 1 | 10 |
| C | ટુંકા પ્રશ્ન | 8 | 2 | 16 |
| D | લાંબા પ્રશ્ન | 8 | 3 | 24 |
| E | નિબંધ પ્રકારના | 4 | 5 | 20 |
| | કુલ | 40 | - | 80 |